## ખેડબ્રહ્મા- લક્ષ્મીપુરા રોડની બિસ્માર હાલત : દર્દીઓની હાલત દયાજનક

ખેડબ્રહ્મા તા. ૨

સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા રોડની હાલત વરસાદ પહેલાં જ બિસ્માર હાલત બનેલ છે.

ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા ગલોડિયા નાકા પરોસાડા, વિજયનગર, ઉદેપુરને મળતો રોડ સવારથી આજુબાજુના રહેતા ખેડૂતો પોતાના ખેતર જવા માટે તથા ખેડબ્રહ્માથી વિજયનગર જવા તથા ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા સિવીલ જનારા દર્દીઓને હાલત બહુ જ હેરાનગતિવાળી બને છે.

મોટા મોટા ખાડા તથા પથ્થરને કારણે વાહન ચાલકોને પોતાના સાધન સાવચેતથી ધીમે હાંકવા પડે છે.

તેમ છતાંય સરકાર તંત્રની આંખ ઉઘડતી નથી. જો રસ્તો મરામત નહિ થાય તો ગાંધી ચિંધ્યા માર્ગ અપનાવો પડશે તેવો જનાક્રોશ જણાય છે.

## હિંમતનગરમાં એક ઈસમને લાકડી વડે માર મારતા છ વિરૂદ્ધ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠાના હિંમતનગર શહેરના ટાઉન પોલીસમથક પાસે પોસ્ટ ઓફિસની બાજુમાં ચાલતા દેશી દારૂના અડ્ડાવાળાઓએ ભોલેશ્વર વિસ્તારના એક ઈસમને પોલીસનો બાતમીદાર હોવાનું કહી અપશબ્દો બોલી તુ બાતમી પોલીસને કેમ આપે છે તેમ કહી લાકડીઓ વડે માર મારતા હિંમતનગર ટાઉન પોલીસમથકે છ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે જે અંગે પોલીસે ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હિંમતનગર શહેરના ભોલેશ્વર ખાતે રહેતો અને રિક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવતો મગનભાઈ જીવાજી રેવડને રવિવારના રોજ રાત્રીના ૯ કલાકે શહેરના મુખ્ય એસ.ટી. બસ સ્ટેન્ડ પરથી બહેન બનેવીને મળીને મગનભાઈ રેવડ પોસ્ટ ઓફિસના ઢાળ પરથી પોતાનું સ્કૂટર લઈ જઈ રહ્યા હતા દરમિયાન ટાઉન પોલીસમથક નજીક આવેલી પોસ્ટ ઓફિસ પાસે દેશી દારૂનું વેચાણ કરતી ઉષાબેન દશરથજી મારવાડી, મંગુબેન ચંદુભાઈ મારવાડીએ મહિલાઓની ચડામણીથી બીજા ચાર હરેશકુમાર ઉર્ફે ભૂરિયો શિવલાલ ડબગર, ભરતભાઈ ઉર્ફે લાલીયો ગોવિંદભાઈ ચૌધરી, શૈલેષકુમાર સીવાભાઈ વાઘેલા અને અરવિંદભાઈ ઈશ્વરભાઈ વાઘેલા મળી છ જણાએ એક સંપ થઈ સ્કૂટરને રોકી દીધુ હતુ અને તુ દારૂની બાતમી પોલીસમાં કેમ આપે છે તેમ કહી લાકડીઓ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા મગનભાઈ રેવડે બે મહિલા સહિત છ ઈસમો વિરૂદ્ધ હિંમતનગરટાઉન પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પ્રાંતિજ તાલુકાની કેનાલોની સાફસૂફી બાબતે ખેડૂતજન નારાજ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવતી કેનાલો તેમજ મુખ્ય કેનાલોનું સાફસૂફી તેમજ સમારનું કામ સિંચાઈ ખાતા મારફતે કરવામાં આવી રહ્યું છે. ત્યારે હાજીપુરથી નનાનપુર જતી ને સોનાસણવારી કેનાલોના કામમાં ને મુખ્ય કેનાલના કામમાં વેઠ ઉતારવામાં આવી હોવાનું સ્થાનિકજનો જણાવી રહ્યા છે.

પ્રાંતિજ તાલુકાની કેનાલો અને મુખ્ય કેનાલોની સાફસૂફીની કામગીરી થાય તેવું ખેડૂતો દ્વારા સરકારમાં જણાવાયુંહતું. સરકારના સિંચાઈ ખાતા મારફતે આ તમામ કેનાલો મશીનરી મારફતે સાફસૂફ કરવાની કામગીરી શરુ કરી થઈ છે. પરંતુ હાજીપુરથી નનાનપુર જતી અને સોનાસણવારી કેનાલોના કામમાં અને મુખ્ય કેનાલના કામમાં વેઠ ઉતારવામાં આવી છે. જો વરસાદનું પાણી ને કેનાલનું પાણી એકી સાથે આવી પેટા કેનાલોમાં નંખાય તો એક જ ઝાટકે આ તમામ કેનાલ-પેટા કેનાલો રફેદફે થઈ લોકોમાં ખેતરોને જમીન બગડવાની શકયતાઓ રહી છે. ખાતાના જે-તે સત્તાધિશે કદાચ આ કેનાલ સાફસૂફીના કામનું નિરીક્ષણ નહીં કર્યું હોય! કે પછી કામ કરવા ખાતર કર્યું હોય! થયેલી કામગીરીનું મૂલ્યાંકન કરી તેની ફોટો વિડીયોગ્રાફી કરી, શરતો પ્રમાણેનું કામ થાય તો જ બિલનાં ચૂકવણા થાય એવું કિસાનો જણાવી રહ્યા છે. બાકી આ તમામ ખર્ચ માટીમાં ને પાણીમાં વહી જાય તો નવાઈ નહીં...!!!

## ખારેડા પ્રાથમિક શાળા પાસે ગંદા પાણીના ભરાવાથી રોગચાળાનો ભય

ડીસા, તા. ૨

પાટણ તાલુકાના ખારેડા ગામે મુખ્ય પ્રાથમિક શાળાની બાજુમાં છેલ્લા છ વર્ષથી ગંદા પાણીનો ભરાવો થઈ રહ્યો છે. જેના કારણે શાળાના બાળકો પર રોગચાળાનો ખતરો તોળાઈ રહ્યો છે. અહીં આવેલી પાણીની પરબ તુટી ગઈ હોવાથી તેમાંથી સતત પાણી ટપકયા કરે છે એટલે આ પાણી બાજુમાં ભરાયેલું રહેતા ગંદકીનો માહોલ વકર્યો છે.

આ ઉપરાંત મહાદેવની સામેનો રસ્તો પણ બંધ થઈ ગયેલ છે. જેના કારણે વિદ્યાર્થીઓ અને દૂધ ગ્રાહકો તેમજ ખેડુતો ભારે હાડમારી વેઠી રહ્યા છે. છ એક વર્ષ અગાઉ અહીં ગંદકી નહોતી ત્યારે જાહેર કાર્યક્રમો યોજાતા હતાં.

યુવાનો ખુલ્લા મેદાનમાં ક્રિકેટ રમતા હતા પરંતુ અત્યારે ગંદકીને કારણે બિસ્માર માહોલ સર્જાયો છે. તેમાંય ચોમાસાના સમયે નજીકમાં ગંદા પાણીનો ભરાવો થતો હોવાથી લોકોને પરેશાની વેઠવી પડે છે. આ બાબતે એક જાગૃત નાગરિક દ્વારા ગ્રામ પંચાયત સમક્ષ લેખિત રજુઆત કરવામાં આવી છે. ત્યારે ગ્રામ પંચાયતે તાકીદે પરબમાંથી વેડફાતું પાણી બંધ કરી ગંદકીની સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ.

## અષ્ટભુજા અંબાજી તીર્થધામ ખુણિયા ખાતે સમસ્ત બ્રહ્મ સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો





પાલનપુર, તા. ૨

વૈદિક કાળથી સમગ્ર હિન્દુ સમાજને સનાતન ધર્મના માર્ગે અનુસરવા માર્ગદર્શન અને પ્રેરણા આપનાર બ્રહ્મ સમાજ કયારેય નિર્બળ હોઈ શકે નહીં. સવાલ એ છે કે આપણે સૌએ ઋષિ સંતાન તરીકે આપણા માનસપટ ઉપરથી અદૃશ્ય થઈ રહેલા બ્રહ્મ તેજને પુનઃ પ્રગટાવવાની જરૂર છે તેમ અષ્ટભૂજા અંબાજી ધામ ખુણિયા ખાતે આયોજીત સમસ્ત બ્રહ્મસમાજ બનાસકાંઠા જિલ્લાના સ્નેહમિલન સંમેલન ઉપસ્થિત સાંસદ દિલીપભાઈ પંડયાએ જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના અધ્યક્ષ ગણપતભાઈ જોષીના પ્રમુખસ્થાને યોજાયેલ આ સંમેલનના પ્રારંભે દિપ પ્રાગટય બાદ અમીરગઢ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ પ્રભુરામભાઈ દવેએ સ્વાગત પ્રવચન કરી મહેમાનોને આવકાર્યા હતા. બાદમાં નર્મદા નિગમના ડાયરેકટર વસંતભાઈ રાવલ, શૈલેષભાઈ જોષી, ભરતભાઈ રાજગોર તેમજ ગણપતભાઈ જોષીએ સમાજના બાળકોની શૈક્ષણિક કારકીર્દી, બ્રહ્મ યુવાનોની ટીમ બનાવવા, બ્રહ્મર્ષિ ક્રેડિટ કો.ઓ. સોસાયટી ઉભી કરવા તથા સમાજના વિકાસ અને સંગઠીત શકિતનું નિર્માણ કરવા પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે સમાજના અગ્રણી હરેશભાઈ જાની, ડામરાજી રાજગોર, રાજેન્દ્રભાઈ જોષી, મુકુદબેન જોષી, હરિદાસજી મહારાજ, હરેશભાઈ શર્મા, અશોકભાઈ જોષી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## કઠવાડા ગામની દલિત મહિલાએ એટ્રોસીટીની ફરિયાદ નોંધાવી

તલોદ, તા. ૨

તલોદ તાલુકાના કઠવાડા ગામની એક દલિતની નજીકના મોતીપુરા ગામના એક ઈસમે ઈજ્જત લૂંટવાનો પ્રયાસ કરતા પીડીત મહિલાએ ઈજ્જત લૂંટવા તથા એટ્રોસીટીની ફરિયાદ તલોદ પોલીસ મથકે નોંધાવતા પોલીસે આ અંગે ગુનો નોંધી ફરાર ઈસમને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

તલોદના કઠવાડા ગામની ૪૦ વર્ષી દલિત મહિલાએ તલોદ તાલુકાના મોતીપુરા ગામના કાનજી ધુળાઝી પરમાર ઉપર આક્ષેપ કરતી નોંધાવેલ ફરિયાદની વિગત એવી છે કે કઠવાડા ગામની જ એક મહિલાની એકલતાનો લાભ લઈ તેને આંતરી રોકી કાનજી પરમારે પાછળતી પકડી લઈ બદકામ કરવાની માંગ કરી હતી. દરમિયાન મહિલાએ આ ઈસમના છટકામાંથી છટકવા ખેંચાતાણ કરી હતી બાદ તેણે બુમાબુમ મચાવતા કાનજી તેના મકસદમાં સફળ થયો ન હતો અને તે ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. આથી પીડીત મહિલાએ તાત્કાલિક પોતાના સ્વજનો સાથે તલોદ પોલિસ મથકે પહોંચી આ ઈસમ વિરુધ્ધ ફરિયાદ આપતા પોલિસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ડીસા શહેરમાં વસતા મોઢ મોદી ઘાંચી સમાજ દ્વારા છેલ્લા ૩૩ વર્ષથી બહુચરાજી માતાજીના દર્શનાર્થે જવા માટે પગપાળા સંઘનું આયોજન કરાય છે. શનિવારે વહેલી સવારે માતાશેરી વિસ્તારમાં આવેલા બહુચરાજી માતાજીના મંદિરેથી શોભાયાત્રા નિકળ્યા બાદ પગપાળા સંઘે પ્રસ્થાન કર્યું હતું. પગપાળા સંઘમાં ૫૦૦થી વધુ ભાઈબહેનો જોડાયા હતાં. (તસવીર : કાંતિલાલ લોઢા, ડીસા)

## ખારેડા વોર્ડ-૩માં વિકાસના કામો માટે રજૂઆત

ડીસા, તા. ૨

પાટણ તાલુકાના ખારેડા ગામે વોર્ડ-૩માં વિકાસના કામો માટે વોર્ડના ચૂંટાયેલા સદસ્ય દ્વારા રજુઆત કરવામાં આવી છે. ખારેડા વોર્ડ-૩નો વિકાસ વર્ષોથી અવરોધાઈ રહ્યો છે. ત્યારે આ વોર્ડના ચૂંટાયેલા સદસ્ય જયંતિજી રામચંદજી ઠાકોરે વિકાસના કામો માટે જિલ્લા પંચાયતમાં રજુઆત કરેલ છે. જેમાં ભાખોદરાપુરાથી પ્રાથમિક શાળા થઈ તળાવની પાળ સુધી પાકો ડામરરોડ બનાવવો, ઠાકોર તલાજી વિરાજીના ઘરથી ઠાકોર પારજી ચુનાજીના ઘર સામે થઈને મુખ્યમાર્ગ સુધી જોડતાં સીસીમાર્ગ બનાવવો, વોર્ડ-૩માં જાહેર સૌચાલય બનાવવું, છેલ્લા ઘણા વર્ષોથી પડવાના વાકે ઉભેલુ બસ સ્ટેન્ડ દૂર કરવા, કોમ્યુનિટી હોલ નજીક આવેલ હવાડા પાસે જાહેર સ્નાનાઘર બનાવવા, વોર્ડ-૩માં આંગણવાડી બનાવવા સહિતના વિકાસ કામો માટે રજૂઆત કરવામાં આવી છે.

## નગરપાલિકાના ક્લાર્કનો વિદાય સમારંભ યોજાયો

હિંમતનગર, તા. ૨

હિંમતનગર નગરપાલિકામાં સ્ટોર ક્લાર્ક તરીકેફરજ બજાવતા રશ્મીકાન્ત ખત્રી વય નિવૃત્ત થતા મહેતાપુરા એન.જી. સર્કલ સામે આવેલ નગરનંદનવન બગીચા ખાતે નગરપાલિકા પરિવાર તરફથી વિદાયસમારંભ યોજવામાં આવ્યો હતો. વિદાય સમારંભના પ્રારંભે નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબેન ગાંધી દ્વારા રશ્મીકાન્તને શ્રીફળ તથા ૧૧ રૂ. અને મોમેન્ટો આપી તેમનું અભિવાદન કરી મળવાપાત્ર લાભોના ચેક આપ્યા હતા. જ્યારે ચીફ ઓફિસર સુરેશભાઈ તથા અન્ય સ્ટાફ દ્વારા પણ તેમનું મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કારોબારી અધ્યક્ષ જે.ડી. પટેલ, દંડક અનિરૂદ્ધભાઈ સોરઠીયા, વિરોધ પક્ષના નેતા ઈશાખભાઈ શેખ, નરેન્દ્રસિંહ સોલંકી, રાજેન્દ્રસિંહ તથા સુરજ રાઠોડ, એન્જીનીયર જિજ્ઞેશભાઈ ગોર સહિત વિવિધ સમિતિઓના ચેરમેનો અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ધનસુરાના બુટાલ ગામની સીમમાંથી હત્યા કરી ફેંકી દીધેલ મૃતદેહે અનેક રહસ્યોના વમળો પેદા કર્યા

ધનસુરા, તા. ૨

ધનસુરા તાલુકાના બુટાલ ગામની સીમમાં તા. ૨૮-૦૬-૨૦૧૨ ના રોજ રોડની સાઈડમાં અજાણ્યા યુવાનની લાશ પડલી જોઈ ગ્રામજનો ટોળે વળ્યા હતા અને પોલીસને જાણ કરતાં પોલીસ આવી સ્થળ ઉપર આવી લાશનું પંચનામું કરેલ અને પી.એમ. માટે ધનસુરા સી.એચ.સી. સેન્ટર ઉપર મોકલેલ.

પ્રથમ દૃષ્ટિએ જોતાં જ આ હત્યાનો મામલો છે તેવું સ્પષ્ટ જણાય આવતું હતું. હત્યા કરાયા પછી પુરાવાનો નાશ કરવા માટે લાશ ઉપર કેમીકલ છાંટવામાં આવ્યું હતું તેથી લાશની ઓળખ થઈ શકે નહી. આ લાશની બોડી જોતાં અને મૃતક અલ્પેશભાઈની ફાઈલ તસવીર જોતાં એ સવાલ પેદા થાય છે કે હત્યા કેટલા સમય પહેલાં કરાઈ હતી. કારણ કે ફાઈલ તસવીર કરતાં લાશ ફુલેલી લાગતી હતી માટે હત્યા આગળ પાછળના દિવસોમાં થઈ હોઈ તેમ જણાઈ આવતું હતું. બીજું રહસ્ય એ લાગે છે કે અલ્પેશભાઈ જે મારૂતિ સ્વિફટ કાર વાપરતાં હતા તે ત્રણ દિવસથી દેના બેંક આગળ પડેલી હતી અને ટાયરમાંથી હવા કાઢી નાખેલ હતી. તો તે ગાડી દેના બેંક આગળ કઈ રીતે પહોંચી. જો ત્રણ દિવસથી ગાડી ત્યાં પડી રહેલ હોય તો અલ્પેશભાઈની હત્યા કેટલા દિવસ પહેલાં કરવામાં આવી હતી અને હત્યા ત્રણ દિવસથી સ્વિફટ ગાડી પડી રહેલી તે દિવસે કરવામાં આવી હતી તો લાશને કયાં સંતાડી રાખવામાં આવી હતી ? જે જગ્યાએ હત્યા કરવામાં આવેલી ત્યાંથી કઈ ગાડીમાં લાશ નાખી બુટાલ ગામની સીમમાં લાશ ગટરમાં ફેંકી દીધી હતી ?


લોકમુખે ચર્ચાતી વાત મુજબ અલ્પેશભાઈ એવી કઈ વાત જાણી ગયા હતા જેથી કોઈ પોલ ખુલી જવાના ભયથી કે કોઈના પગ નીચેથી ધરતી સરકી જાય તેમ હોવાથી ભીનું સંકેલવા અલ્પેશભાઈની હત્યા કરવી પડી. અલ્પેશભાઈની બોડી લેંગ્વેઝ જોતાં હત્યામાં હત્યારો તથા હત્યામાં મદદગારી માટે બે થી ત્રણ માણસો હોવા જોઈએ તેવું જણાઈ આવે છે.

અલ્પેશભાઈની હત્યાથી આઘાતમાં સરી પડેલા લક્ષ્મીપુરા ગામના યુવાનો, વૃદ્ધો અને સગા-સંબંધીઓ ધનસુરા પોલીસ સ્ટેશને ઉમટી પડેલા. સી.પી.આઈ. એસ.જી. પાટીલ પી.એસ.આઈ. રાઠોડને ગ્રામજનોએ વિનંતીના સુરમાં જણાવેલ કે નિર્દોષ યુવાનના હત્યારાઓને જલદી થી જલદી પકડી જેલ ભેગા કરી ન્યાય અપાવવા વિનંતી કરી હતી. તો સી.પી. આઈ. એસ.જી. પાટીલે જણાવ્યું કે પોતે પોતાની તમામ તાકાત લગાવી બને એટલા ઓછા સમયમાં હત્યારાઓને પકડી હત્યારાઓને જેલ ભેગા કરવાની હૈયાધારણા આપી હતી. હત્યારાઓને પકડવા પોતાની ટીમો તાત્કાલિક કામે લગાવી હત્યાનું પગેરું શોધવાનું ચાલુ કરી દીધેલ હોવાનું જણાવેલ.

## લોકશાહી શાહીશાસન વ્યવસ્થામાં સહકારી પ્રવૃતિ એ ઓકિસજન રૂપ છે : લીલાધર વાઘેલા

ડીસા, તા. ૨

ડીસા-રાજપુર વિસ્તારમાં ધીનવનિર્માણ બચત અને ધિરાણ મંડળીના નવિન મકાનના લોકાર્પણ પ્રસંગે સભાસદો અને જનતાને સંબોધતા શ્રમ અને રોજગાર મંત્રી લીલાધર વાઘેલાએ જણાવ્યુ હતુ કે લોકશાહી શાહીશાસન વ્યવસ્થામાં સહકારી પ્રવૃતિ એ ઓક્સિજન રૂપ છે. જો તેનો સુંદર અને સુયોગ્ય વહીવટ થાય તો સમાજને ઘણી ઉપયોગી બની શકે છે. તેમણે દુધ ઉત્પાદક સંઘો સહકારી સંઘો તેમજ મોટી નામના ધરાવતી સહકારી બેંકોના ઉદાહરણ આપી ધીનવનિર્માણ બચત અને ધિરાણ મંડળી પણ વિશાળ વટવૃક્ષ સમી બને અને લોકોની બચત વ્યવસ્થાને પ્રોત્સાહન આપી જરૂરીયાત મંદોને ધિરાણ આપી ખ્યાતિ મેળવે તેવી અભિલાષા વ્યક્ત કરી હતી. તેમણે રીબીન કાપી નવિન મકાનનું લોકાર્પણ



કર્યું હતું. ડીસા નગરપાલિકાના પ્રમુખ વિપુલભાઈ શાહે મંડળી વધુમાં વધુ ફાલે ફુલે અને આ વિસ્તારના બાળકો વધુમાં વધુ શિક્ષણ લેતા થાય તેવી અભિલાષા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત જાણીતા પર્યાવરણવિદ ડૉ.નવિનકાકા, ડૉ.કિશોરભાઈ આસ્નાની, ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, ભાજપ અગ્રણી ડાહ્યાજી ઠાકોર, લોધા સમાજના અગ્રણી મોહનભાઈ લોધા સહિત અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતાં. શ્રમ અને રોજગાર મંત્રી લીલાધર વાઘેલાએ વોર્ડ-૧૧માં ગટરના કામ માટે રૂા.૩ લાખની ગ્રાન્ટ ફાળવવા જાહેરાત કરી હતી. આ પ્રસંગે મૂસ્લિમ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમના અંતે આભારવિધી મંડળીના સભ્ય રમેશચંદ્ર બાબુલાલ લોધાએ કરી હતી. કાર્યક્રમ પુર્ણ થયા બાદ નગરપાલિકા પ્રમુખ વિપુલ શાહ અને તેમની ટીમે લોધાવાસની મૂલાકાત લીધી હતી અને આ વિસ્તારમાં ગટરની સમસ્યા બે ચાર દિવસમાં હલ કરવાની ખાત્રી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળીના ચેરમેન તારીકભાઈ મેમણ અને સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### જાહેર નિવિદા

### ઝેરોક્ષના ભાવ અંગે

કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર કચેરીની રોજ-બરોજની ઝેરોક્ષ અમે તેને લગતી આનુષાંગિક કામગીરી જેમ કે, એ-૪, લીગલ અને જમ્બો સાઈઝ ઝેરોક્ષ, (કલર સહિત) તથા સ્પાઈરલ બાઈન્ડીંગ વગેરે વાર્ષિક ધોરણે કરાવવા માટે રસ ધરાવતી સંસ્થાઓ / પેઢીઓ / વેપારીઓ પાસેથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં રજી.પો.એ.ડી.થી કચેરી કામકાજ સમય દરમિયાન નાયબ કમિશનર, આદિજાતિ વિકાસને મળી જાય તે રીતે સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. સમય મર્યાદા બાદ આવેલ ભાવો વિચારણામાં લેવામાં આવશે નહિ. ભાવો મંજૂર / નામંજૂર કરવાની આખરી સત્તા સક્ષમ અધિકારીશ્રીની રહેશે. માહિતી/૭૩૮/૧૨-૧૩

## આજે આનંદનો ગરબો

ગાંધીનગરના સર્વોદય વસાહત મંડળના ઉપક્રમે આનંદનો ગરબાનું આયોજન ઓમ રામેશ્વર મહાદેવ મંદિર ઘ-૬ કોર્નર, ઈન્દ્રપ્રસ્થ સોસાયટી સેક્ટર-૨૨માં તા. ૩-૭-૧૨ના રોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ વાગ્યા દરમ્યાન ભાવનાબેન ગોકલાણીના કંઠે રાખેલ છે. ભાવિક ભક્તોને લાભ લેવા આમંત્રણ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601